# શહેરમાં ગરમીનુ જોર યથાવત : મહત્તમ તાપમાનમાં નહીંવત રાહત : ૪૩.૨ ડીગ્રી

## રાત્રિનુ તાપમાન પણ ચાર ડીગ્રી ઉંચકાયુ : શહેરમાં સતત બીજા દિવસે પણ ગરમીનો પારો ૪૩ ડીગ્રીને પાર રહેતા નગરજનોને આકરી ગરમીથી મુંઝારો

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં આકરી ગરમીનુ જોર યથાવત છે. ગઈકાલે સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન ૦.૮ ડીગ્રીના ઘટાડા સાથે ૪૩.૨ રહ્યુ હતુ જયારે લઘુત્તમ સતત બીજા દિવસે પણ ગરમીનો પારો ૪૩ ડીગ્રીથી ઉપર રહ્યો હતો. મહત્તમ તાપમાન ૪૩.૨ ડીગ્રી



ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે નગરજનોએ આગની ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ કર્યો હતો. જયારે આજે સતત બીજા દિવસે પણ ગરમીનુ જોર પ્રબળ રહેતા શહેરીજનોએ અંગ દઝાડતી ગરમી અનુભવી હતી ગઈકાલની તાપમાનમાં એક સાથે ૪ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો જેના લીધે રાત્રિના સમયે પણ નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં આજે સતત બીજા દિવસે પણ આગ ઓકતી ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ રહ્યુ હતુ જો કે ગઈકાલની સાપેક્ષમાં ગરમીમાં આંશિક ઘટાડો નોંધાયો હતો પરંતુ દિવસે આકરા તાપથી જનજીવન બેચેન બન્યુ હતુ. અંગ દઝાડતી ગરમીનુ મોજુ ફરી વળતા નગરજનો આકરા હીટવેવથી પ્રભાવિત થયા હતા ગઈકાલે ગરમીનો પારો ૪૪ ડીગ્રીને અડી જતા શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. છેલ્લા ઘણાં સમયથી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. જેના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં ઉનાળાની શરૂઆતથી જ આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે ગત માર્ચ મહીનામાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહાંચી ગયો હતો જેના લીધે ઉનાળો વધુ આકરો પુરવાર થશે તેનો અણસાર પણ નગરજનોને આવી ગયો હતો. અગાઉ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક રહ્યુ હતુ જયારે ગઈકાલે ગરમી ૪૪ ડીગ્રીએ પહોંચી ગઈ હતી જેના લીધે રાત્રિના સમયે પણ નગરજનો ગરમીનો અનુભવ કર્યો હતો. જયારે આજે ગરમીનુ જોર થોડુ ઘટયુ હતુ જો કે ગઈકાલની સાપેક્ષમાં માત્ર ૦.૮ ડીગ્રીનો તફાવત જ જોવા મળ્યો હતો. પરંતુ બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. લઘુત્તમ તાપમાન આજે ૪ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. અલબત્ત ગરમીના વધતા જોર સાથે રાત્રિનુ તાપમાન પણ ઉંચકાયુ છે. જેના લીધે રાત્રિ દરમિયાન અગાઉ અનુભવાતી ઠંડક પણ અદ્રશ્ય થઈ ગઈ છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ જોર સતત વધી રહ્યુ છે.

જયારે મહત્તમ તાપમાનમાં નહીંવત ચઢ ઉતર જોવા મળી રહી છે. જેના લીધે સતત ગરમીથી જનજીવન પ્રભાવિત છે. જયારે આજથી નગરની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને ગરમીની રજાઓ શરૂ થઈ જતા નાના ભુલકાઓને પણ રાહત થઈ છે. આકરી ગરમીએ શ્રમિકોની હાલત અત્યંત કફોડી કરી દીધી છે. ખુલ્લામાં રહેતા શ્રમિકો ગરમીના લીધે વિશેષ પ્રભાવિત છે. સમગ્ર રાજયમાં ગરમીનુ જોર વધુ છે ત્યારે હજુ પણ બે દિવસ આકરી ગરમી પડે તેવી સંભાવના છે.

# ખ-૭ પાસે પાણીની લાઈનમાં ભંગાણ થતા જુના સેકટરોમાં પાણીની પોકાર ઉઠી

## સેકટરમાં પાણીની નવી લાઇન સંદર્ભે હાથ ધરાયેલા ખોદકામ દરમિયાન લાઇનમાં ભંગાણ થયુ : સે-૨૪ થી ૨૭ માં સપ્લાય ઠપ્પ થતા રહીશોમાં આક્રોશ



ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોમાં આ ખોદકામ દરમિયાન વારંવાર પાણી ગટરની લાઈનમાં ભંગાણ થવા સહીત વિજ લાઈનના કેબલ પણ કટ થતા હોવાની ફરિયાદોથી સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આજે પણ ખ-૭ પાસે પાણીની લાઈનમાં ભંગાણ થતા જુના સે-૨૪ થી ૨૭ માં પાણી પુરવઠાનો સપ્લાય ઠપ્પ થઈ ગયો હતો. જેના લીધે સેકટરવાસીઓમાં આકરી ગરમીના દિવસોમાં આખો દિવસ પાણીની પોકાર રોષનુ કારણ બની હતી.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો આપવા માટે કરોડો રૂપિયાના ખર્ચે નવી લાઈન નાંખવા હાલ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. પરંતુ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન સેકટરોમાં વારંવાર યુટિલીટીઝ લાઈનમાં ભંગાણ થતા હોવાના કિસ્સા ધ્યાને આવે છે. અગાઉ પણ સેકટરોમાં પાણીની લાઈનમાં ગાબડુ પડતા જુના સેકટરોમાં પાણીનો સપ્લાય બંધ થઈ ગયો હતો. જયારે સેકટરોમાં ઘણીવાર કેબલો પણ કટ થતા આકરી ગરમીમાં વિજપ્રવાહ પણ ખોરવાઈ જતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. આકરી ગરમીમાં પાણી અને વિજપ્રવાહ બન્ને સેવા પ્રભાવિત થતા નગરજનો છાશવારે પરેશાન થઈ જાય છે.

આજે પણ શહેરમાં ખ-૭ પાસે પાણીની મુખ્યલાઈનમાં ગાબડુ પડ્યુ હતુ. પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરાયેલી નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પાણીની મુખ્યલાઈનમાં ભંગાણ થતા આ વિસ્તારમાં પાણી પાણી થઈ ગયુ હતુ. જુના સેકટરોમાં સપ્લાય આપવાનુ પાણી સ્થળ પર જ વહી જતા સે-૨૪ થી ૨૭ માં પાણીનો સપ્લાય ઠપ્પ થઈ ગયો હતો. આ સેકટરોમાં નહીંવત પાણી પણ માંડ નસીબ થયુ હતુ જેના લીધે આકરી ગરમીમાં સેકટરવાસીઓ પાણી વિના ટળવળ્યા હતા. સેકટરોમાં સવારે પાણી સપ્લાય ન થતા સ્થાનિકોમાં પાણીની પોકારના લીધે પ્રબળ આક્રોશ પ્રવર્તયો હતો. બીજીતરફ લાઈનના ભંગાણનુ સમારકામ હાથ ધરવા માટે પાટનગર યોજના વિભાગની ટીમ પણ સ્થળ પર પહોચી હતી જો કે મોડી સાંજ સુધી રીપેરીંગ ચાલી રહ્યુ હતુ જેના લીધે બીજા દિવસે પણ સપ્લાય પ્રભાવિત થાય તેવી સંભાવના છે.

પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી સેકટરોમાં નવી પાણીની લાઈન નાંખવા માટે હાથ ધરાયેલુ આડેધડ ખોદકામ નગરજનો માટે મુંઝવણરૂપ બન્યુ છે. નીચેથી પસાર થતી લાઈન પર બુલડોઝર ફરી વળતા કયારેક પાણી ગટરની તો ક્યારેક વિજ કેબલોની કટોતી થાય છે. જેના લીધે સેકટરોમાં આકરી ગરમીના દિવસોમાં પાયાની સુવિધા ખોરવાઈ જતા રહીશો તોબા પોકારી ગયા છે. આ મામલે સંબંધિત વિભાગ દ્વારા પણ પુરતી તકેદારી રાખવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જુના સેકટરોમાં પાણીની પોકાર વચ્ચે આજે ટેન્કરની ડીમાન્ડ પણ વધી ગઈ હતી.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૩ કેસ નોંધાયા

## સે. ૧૯માં પિતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : ગ્રામ્યમાં કલોલના પલોડિયામાં વિદેશથી પરત ફરેલ યુવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ થોડોક થાક ખાધા પછી આજે એક જ દિવસમાં ૩ કેસ નોંધાયા છે.જેમાં શહેરમાં બે કેસ અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના છુટા છવાયા કેસો ચોથી લ્હેરની આગાજ પોકારતા હોય તેવુ લાગી રહ્યુ છે. ત્રીજી લ્હેરમાં પણ યુવાઓ સૌથી વધુ સંક્રમિત થયા હતા અને હવે યુવાઓ જ વધુ સંક્રમિત થઈ રહ્યા છે. તેમાંય વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર રહી છે. વેક્સિનેશન એ વિકલ્પ છે પણ સંક્રમણ ઘટતાં આવેલી ઉદાસીનતાથી તંત્ર ચિંતીત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બન્ને કેસ પિતા-પુત્રના છે. તેઓ દિલ્હીથી ગાંધીનગર ૨૫મીએ જ આવ્યા છે અને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તેમનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૯ જે ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ વિસ્તાર બની ઉભર્યુ હતુ ત્યાં જ આ બે કેસ નોંધાયા છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા વધીને હવે ૪ પર પહોંચી છે. તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી ઘનશ્યામભાઈ ધાંધલ્યાની બદલી છોટા ઉદેપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે કરી તેમની સેવાઓ લોન સેવા તરીકે સીએમ ઓફિસમાં લેવામાં આવશે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે ધાંધલ્યાએ સારી કામગીરી કરી અનેરી લોકચાહના પ્રાપ્ત કરી હતી.

ત્રણ વર્ષ કરતાં વધુ સમયના તેમના ગાંધીનગર ટી.ડી.ઓ. તરીકેના કાર્યકાળમાં ધાંધલ્યાએ વાસણનું તળાવ સાફ કર્યુ એટલુ જ નહિ વિરા તલાવડી ગામે તળાવનું બ્યુટીફીકેશન કરી તેને વિકસાવ્યુ આ ઉપરાંત તાલુકામાં પંચાયતી વેરા તેમજ મહેસુલી વેરાની કામગીરીને સઘન કરી સુદૃઢ કરી.

ધાંધલ્યાની સીએમ ઓફિસમાં બદલી થયાના સમાચાર તાલુકામાં વાયુવેગે પ્રસરી ગયા હતા. તેઓ તેમની નવી જગ્યાનો ચાર્જ શનિવાર અથવા સોમવારે સંભાળશે તેમ જાણવા મળેલ છે.

# જીપીએમસી એક્ટનો અમલ કરવા અંકિત બારોટની માંગ

## કાઉન્સીલરોને સાત દિવસમાં જવાબ આપવાની જોગવાઈનો ભંગ : આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ચીમકી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગી સભ્ય અંકિત બારોટે મ્યુનિ. કમિશનરને પાઠવેલા એક પત્રમાં જીપીએમસી એક્ટનો અમલ કરવામાં આવે તે સાથે સભાસદોના પ્રશ્નોના જવાબ નહિ આપનાર અધિકારીઓ સામે કાર્યવાહી કરો તેવી માંગ કરી છે.

મ્યુનિ. કમિશનરને પાઠવેલા પત્રમાં બારોટે જણાવ્યુ કે જીપીએમસી એક્ટની કલમ (ક) ૪૪ મુજબ ચૂંટાયેલ કાઉન્સીલર મનપાના વહીવટ અને માળખાને અનુલક્ષીને માહિતી માંગે તો સાત દિવસમાં જવાબ સંબંધિત અધિકારીએ આપવો તેવી સ્પષ્ટ જોગવાઈ છે.

બારોટે આ પત્ર સાથે નિયમની જોગવાઈઓ અંગેની વિગતો પણ જોડી છે. તેમણે જણાવ્યુ છે કે સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવેલ મહેકમ અંગે મેં ૨૦ દિવસ પહેલા વિગતો માંગી હતી. સામાન્ય સભાએ મંજૂરી આપ્યા પછી પણ સાત દિવસ જેટલો સમય પસાર થઈ ગયો છે પરંતુ હજુ સુધી આ મંજૂર કરાયેલ મહેકમ અંગેની વિગતો તેમને પુરી પાડવામાં આવી નથી.

બારોટે આ પત્રમાં જણાવ્યુ છે કે મંજૂર કરાયેલ મહેકમ અંગેની વિગતો મિડિયા સામે પણ છુપાવવામાં આવી રહી છે પારદર્શક વહીવટની વાતો સત્તાધારી પક્ષ કરે છે પણ કુલડીમાં ગોળ અધિકારીઓ સાથે મળી ભાંગે છે.

તેમણે જવાબદાર અધિકારીઓની સામે કાર્યવાહી કરવા તેમજ વિગતો જાહેર કરવાની માંગ કરી જણાવ્યુ છે કે અમને જો આ જવાબ નહિ મળે તો મનપાની કચેરીમાં અધિકારીઓ સામે આશ્ચર્યજનક કાર્યક્રમ આપી ખુલ્લા પાડીશુ અને આ અંગેની સઘળી જવાબદારી મનપાની રહેશે.

# પુનિતવનની સુંદરતા વધુ નિખરશે : વન કુટીર બનાવાશે

## નવા બાકડા પણ મુકવામાં આવશે : પુનિતવનના મુખ્યગેટ, વોકીંગ ટ્રેક તેમજ તળાવની સફાઇ બાદ હવે બીજા તબક્કાનુ કામ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોની સાથે ઈન્દ્રોડા પાર્ક અને પુનિત વન પણ સહેલાણીઓ વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. હાલ ગરમીના દિવસોમાં સેકટરોના બગીચાઓમાં સહેલાણીઓની ભીડ જોવા મળે છે. જયારે સવારે મોર્નિંગ વોક કરવા માટે પુનિત વનમાં પણ નાગરિકોની વિશેષ અવરજવર રહે છે. પુનિતવનની સુંદરતા વધારવા વનતંત્ર દ્વારા મુખ્ય ગેટના નવિનીકરણ સાથે નવો વોકીંગ ટ્રેક પણ તૈયાર કરાયો છે. જયારે હવે પુનિતવનમાં નવી વન કુટીરનુ નિર્માણ કરાશે આ ઉપરાંત નવા ૨૫ બાકડા પણ મુકવામાં આવશે.



ગાંધીનગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોની સાથે શહેરમાં નિર્મિત પુનિત વન પણ નગરજનો માટે આગવુ આકર્ષણ ધરાવે છે. પુનિત વનમાં અનેક ઔષધિઓ સહીત વિવિધ પ્રકારનુ પ્લાન્ટેશન અને ફુલોની પણ રોનક નિખરતા પક્ષીઓના કલરવ વચ્ચે સવારે માર્નિંગ વોક કરવા આવનારાની સંખ્યા પણ વિશેષ છે. પુનિત વનને નિખારવા માટે વનતંત્ર દ્વારા અગાઉ નવીન કામો હાથ ધરવામાં આવ્યા હતા જે અન્વયે વનતંત્ર દ્વારા ૧૪૦૦ મીટરનો વોકીંગ ટ્રેક તૈયાર કરાયો છે. જયારે પુનિત વનના મુખ્ય ગેટ સાથે તળાવની સફાઈ કરીને નવેસરથી પાણી પણ ભરવામાં આવ્યુ હતુ. જયારે તળાવ કિનારે યોગા માટે નવા ઓટલાનુ પણ નિર્માણ કરાયુ છે. જયારે હવે પુનિતવનમાં નવા ૨૫ જેટલા બાકડા મુકવામાં આવશે. આ ઉપરાંત વન કુટીર પણ તૈયાર કરાશે. શહેરના સેકટરોમાં ઉદ્યાનોનુ નવિનીકરણ કરવામાં આવ્યુ છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ લાંબા સમયના અંતે સેકટરોના ઉદ્યાનોની રોનક નિખરી છે. જેના લીધે હાલ સેકટરોમાં ઉનાળુ રાત્રિ દરમિયાન બગીચાઓમાં સહેલાણીઓની ભીડ જોવા મળે છે. આ ઉપરાંત સરીતા ઉદ્યાન અને બાલોદ્યાન સહીત સે-૧

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં મહેસુલી કામગીરીને વધુ લોકાભિમુખ બનાવીએ : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી કામગીરીને વધુ લોકાભિમુખ બનાવી અને ઝડપી નિકાલ થાય તે જોવા જિલ્લા કલેક્ટરે આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓની સમીક્ષા બેઠકમાં જણાવ્યુ હતુ.

લાંબા સમય પછી આજે યોજાયેલ જિલ્લાના મહેસુલી અધિકારીઓની સમીક્ષા બેઠક બે કલાકથી પણ વધુ ચાલી હતી.

આ બેઠકમાં કલેક્ટરે સી.એમ. ડેશ બોર્ડના અપડેટેશન પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે કેટલીક કચેરીઓ દ્વારા આ બાબતમાં થોડીક ઉદાસીનતા દાખવવામાં આવે છે તે યોગ્ય નથી.

નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલી રજુઆતોનો પણ સમય મર્યાદામાં નિકાલ થાય, મહેસુલી વસુલીની કામગીરી જે ધીમી ગતિએ ચાલે છે તેમાં ઝડપ લાવવા કહ્યુ હતુ.

કલેક્ટરે આ બેઠકમાં નોંધોને પ્રમાણિત કરવામાં પુરતી કાળજી લેવામાં આવે તેમજ નિકાલ ઝડપથી થાય તે જોવા ઉપરાંત તકરારી નોંધોનો નિકાલ પણ સમય-મર્યાદામાં જ થાય તે માટે ખાસ ભાર મુક્યો હતો.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર સુશ્રી આર.ડી. સિંઘે પણ મહેસુલી કામગીરી ઝડપી બને તેમજ લોકોને સરળતા રહે તે રીતે માનવીય અભિગમ દાખવી તંત્ર કામ કરે તેના પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના મહેસુલી અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જિલ્લાના આયુષ દવાખાનાંની ઓપીડીમાં ૩૦ ટકાનો વધારો

તાજેતરમાં ગાંધીનગર ખાતે ગ્લોબલ આયુષ ઈનોવેટીવ અને ઈન્વેસ્ટમેન્ટ સમિટ યોજાઈ... જેમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ આયુર્વેદ ને વૈશ્વિક ફલક સુધી પહોંચાડ્યું છે...વર્ષ ૨૦૧૪થી માન. વડાપ્રધાન એ આયુષ મંત્રાલય ની સ્થાપના કરી આયુષ ની સારવારને અપનાવવા પર સતત ભાર મૂક્યો છે...ગયા વર્ષે પણ કોવીડ ૧૯ ની સારવારમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર એ સતત આયુર્વેદ, હોમીયોપેથી, યોગ વગેરે સારવાર અપનાવવા પ્રોત્સાહન આપેલ હતું. ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ૧૭આયુર્વેદ દવાખાના પૈકી ૧૩આયુર્વેદ દવાખાના આયુષ હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં તબદીલ થયેલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર ની સાથે ગાંધીનગર જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી મળેલ ગ્રાન્ટ માંથી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી મીનાબેન લલીતસિંહ ઠાકોર તથા જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌતમ ના સતત માર્ગદર્શન થી ૧૯ મેગા કેમ્પ અને ૮૦ વધુ કેમ્પનું આયોજન થયેલ હતું તથા જિલ્લાના તમામ સેવાસેતુમાં પણ આયુર્વેદ અને હોમીયોપેથી સારવાર નો લાભ આપવામાં આવેલ હતો...જેના પરિણામ સ્વરૂપે જિલ્લાવાસીઓ આયુર્વેદ અને હોમીયોપેથી સારવાર તરફ વળ્યા હતા. અને ગત વર્ષ કરતા આ વર્ષે જિલ્લા ના આયુષ દવાખાનાંના દર્દીઓમાં ૩૦% નો ઉછાળો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ૧,૩૯,૭૨૨ દર્દીઓએ આયુષ સારવાર લીધેલ જે વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં વધીને ૧,૮૧,૮૨૬ થયેલ છે...આ સિવાય જિલ્લામાં અંદાજે ૮૫૦૦૦લોકોએ આયુષ હેલ્થ અને વેલનેસ સેન્ટરમાં યોગ માર્ગદર્શન પણ મેળવેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com